DIVYAYATAN
A JOURNAL OF LAKULISH YOGA UNIVERSITY

DIVYAYATAN -
A JOURNAL OF LAKULISH YOGA UNIVERSITY
Peer Reviewed Journal
E-ISSN: 3048-4928

# ગુજરાતી અનુઆધુનિક વાર્તાઓમાં સમાજદર્શન - અપેક્ષિત નૂતન દૃષ્ટિકોણ

## ઉપાધ્યાય વિશ્વાસ અરવિંદકુમાર

મુ. દ્વારકા, તા. દ્વારકા, જિલ્લો. દેવભૂમિ દ્વારકા
પીએચ.ડી. શોધકર્તા, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
મો.નં. 8780790337
ઈ-મેઈલ : vaupadhyaydwarka@gmail.com

### *સારાંશ*

એક નવી વિચારધારા! આ નવી વિચારધારા એટલે સાહિત્ય-રચના સમયે દૃષ્ટિનો વ્યાપ સંકૂચિત ન રાખતાં - યથા પરિસ્થિતિને - યથોચિત્ત રીતે - યથા સમયે પ્રગટ કરવી. ભલે પછી એ સાહિત્ય જન-માનસને મનોરંજક હોય કે ન હોય, ભલે એ સાહિત્ય વેચાણના ઉદ્દેશ્યને સિદ્ધ કરતું હોય કે ન હોય, ભલે એ યશ-કીર્તિ અપાવનારું હોય કે ન હોય કે પછી કાન્તાસમ્મિતઉપદેશ હોય કે ન હોય.

મધ્યકાળથી પગરણ માંડતાં થયેલાં આપણાં ગુજરાતી સાહિત્યમાં આધુનિક અને અનુઆધુનિકયુગ આવતાં-આવતાં તો ગુજરાતી સાહિત્યમાં નવાં નવાં વાદ જેવાં કે નારીવાદ, દલિતવાદ, નવ્ય વિવેચન, સ્વરૂપવાદ, સંરચનાવાદ જેવા વિચારોએ સ્થાન જમાવ્યું, આધુનિકયુગમાં ટૂંકીવાર્તાઓમાં પણ આ સાહિત્યને અવકાશ મળે છે. પણ આ સાહિત્ય એટલે પરંપરાનું અને પરંપરાના વિચ્છેદનું, સુખનું – દુ:ખનું, આશાનું – નિરાશાનું, આકાંક્ષાનું અને હતાશાનું વર્ષોથી રચાતું આવ્યું છે તે સાહિત્ય.

## પ્રસ્તાવના

સાંપ્રત સમયના પ્રશ્નો એ આધુનિક ગુજરાતી સાહિત્ય રચના કે અનુ-આધુનિક ગુજરાતી સાહિત્ય રચનાના આરંભના સમયના પ્રશ્નો કરતાં જુદા છે એવો કહેવાનો મારો આશય નથી, પરંતુ આ પ્રશ્નોની તીવ્રતામાં ચોક્કસથી ઉછાળો આવ્યો છે જેણે ભારતીય સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થાને અને એ બધાને બાજુ પર મૂકીએ તો પણ એક ચોક્કસ જન-સમૂદાયને જીવતાં જીવ નરકની વેદના ભોગવતો કરી દીધો છે પણ એની એ વ્યથા ખાસ તો ટૂંકીવાર્તાઓમાં ભાગ્યે જ (નહીવત્) પ્રગટ થયેલી જોવા મળી છે.

ખરેખર તો આજના કહેવાતાં નિશ્ચિંત વાતાવરણમાં ઉછરેલાં યુવકની, ઉચ્ચ શિક્ષણથી શરૂ થઇ જીવનના અંતિમ વિસામાં સુધીના સંઘર્ષની ગાથા તો લઘુકથાથી લઈ નવલકથા સ્વરૂપ સુધીનું ખેડાણ કરી શકે તેટલી શક્યતાઓ ધરાવે છે, જરૂર છે માત્ર આજના યુવાનની આ સંઘર્ષ કથાને વાસ્તવિક રીતે જોવાની, સમજવાની, સંવેદવાની અને સમાજ સુધી એ પ્રશ્નોને સાહિત્યના વિવિધ સ્વરૂપોના માધ્યમથી પહોંચાડવાની. આમ, અહીં અનુઆધુનિક કાળના અનેક સાહિત્ય સ્વરૂપોમાંથી એક એવા ચોટદાર સાહિત્યસ્વરૂપ ટૂંકીવાર્તામાં આજના પુરુષની વાતને વાચા આપવાની વાત છે.

## અનુ-આધુનિક સમયના અગોચર રહેલા સાંપ્રત પ્રશ્નો

સાંપ્રત સમયના વર્ષોમાં નારીમુક્તિ આંદોલનની ઘણી વાતો આપણને ઉચ્ચકક્ષાના સાહિત્યકારોથી માંડી અને શેરી-ઓટલા-બેઠકમાં કાને અથડાયા કરી. નારીચેતનાની વાત, નારીઓના વિકાસ અને ઉત્થાનની વાત અને તેમની સ્વતંત્રતા તેમજ સ્વાધીનતાથી લઈ


© 2024 by Author

તેના શિક્ષણ અને સમાજમાં તેના સ્થાન વિષે સતત ચર્ચા-વિચારણા, ચિંતન,-મનન, ગોષ્ઠી, સંવાદ-પરિસંવાદ, મેળાવડાં-જાગૃત્તિ કાર્યક્રમો થયા. તો વળી સમાજની વર્ણવ્યવસ્થાના નામે સમાજનો કહેવાતો શુદ્ર વર્ગ પીડિત અને શોષિત રહ્યો, તેમની વ્યથા-વેદનાને, આનંદ-ઉલ્લાસને સાહિત્યમાં સ્થાન મળ્યું, જેથી દલિત સંવેદનાને વ્યક્ત કરવાના સભાન પ્રયત્નો સમાજમાં અને સાહિત્યમાં થયા. ગુજરાતી સાહિત્યમાં દલિત સંવેદના અને સંઘર્ષ સાહિત્ય સ્વરૂપોમાં વ્યક્ત થતો રહ્યો છે.
પણ આ સમય દરમિયાન જે અમુક વર્ગની વાત સાહિત્યમાં ખાસ તો ટૂંકીવાર્તામાં જેનો ઉલ્લેખ થવો જ જોઈતો હતો તે વાર આવવાની જ રહી ગઈ છે, તેવા સમાજમાં હાંસીયામાં ધકાઈ રહેલ એક મજૂરીયાતથી લઈ અપર ક્લાસ સોસાયટીના પુરુષે વેઠવા પડતાં જુદા-જુદા રૂપ-રંગથી, જુદી-જુદી રીત-ભાતથી, જુદા-જુદા સમય- સંજોગ અને ક્યાંક સમાજના કાયદાઓ તો ક્યાંક કુદરતના કોયડાઓ પાસે હારતાં અને તેમ છતાં ક્યાંકને ક્યાંક પોતાના પુરુષ+અર્થને (પુરુષાર્થને) પગલે જીવતાં અડીખમ - લાગણીશીલ છતાં કઠોરની ઉપમા પામતા - પુરુષના સંઘર્ષને સાહિત્યમાં આજના અનુઆધુનિકકાળનો સાહિત્યકાર પોતાનો વિચાર વિવેક દાખવી અને તેમની સાહિત્યિક જવાબદારી પ્રત્યે જાગૃત બને તો આ નમ્ર પ્રયાસ સફળ થયો ગણાશે.

## મીડિયા દ્વારા સંસ્કારોની ખપ

આજના અનુઆધુનિક યુગમાં એ પણ જ્યારે એકવીસમી સદીના પ્રથમ ચરણના શરૂઆતમાં જ્યાં ભૂકંપ, વાવાઝોડાં, પૂર જેવી કુદરતી આપત્તિઓની થપાટ ખાતાં વ્યક્તિને છેવટે નોટબંધી, કોરોના કાળનું લોકડાઉન જેવા માનવનિર્મિત ઉપાધિઓ સામે લડવાનું હતું, ત્યારે જ વાલિયા લૂંટારાની જેમ તેને પોતાના થઈને પણ પારકાંપણું દાખવતાં પોતાના જ પરિવારજનોનો ક્યાંક ને ક્યાંક પરીચય થતો રહ્યો એમ કહેવામાં ક્યાંય અતિશયોક્તિ કે પૂર્વગ્રહપૂર્વકનું આલેખન નથી થઈ રહ્યું.
રામાયણ અને મહાભારત, શક્તિમાન કે અલીફ-લૈલા જેવા પોતાના બાળપણના સંસ્કારોનું સિંચન કરનારા ટી.વી. પ્રોગ્રામ્સ પોતાના માતા-પિતા, પત્ની, બાળકો સાથે માણવા માંગતા પુરુષની આ સમયે પોતાના પરિવારનું ભરણ-પોષણ, બાળકોની ફી, પત્ની તેમજ બાળકોની રોજબરોજની જરૂરિયાતો (શોખ), માતા-પિતાની સારસંભાળની ચિંતા, સસરા પક્ષ પ્રત્યેની જવાબદારીઓ, મિત્રો માટે ઓક્સિજનના બાટલા માટેની વ્યવસ્થા કે સંબંધીઓ માટે હોસ્પીટલમાં બેડની વ્યવસ્થા કે પછી સરકારી નોકરીયાત પુરુષની (ખાસ તો પુરુષ હોવાને કારણે સ્ત્રી નોકરીયાત કરતાં બમણી) જવાબદારીઓની વાત આપણું સાંપ્રત સાહિત્ય કરવાનું ચૂકી ગયું છે એવું લાગે છે.

## લૈંગિકતામાં સચ્ચરિત્રોનું ધોવાણ

સાહિત્યમાં જ્યારે જ્યારે સ્ત્રીઓના શોષણ અને તેમના સ્વતંત્રતાના અધિકાર પર તરાપની વાત આવી ત્યારે ત્યારે પુરુષપ્રધાન સમાજ માટે અસંસ્કારી, લંપટ, તાનાશાહ, તુંડમિજાજી, સ્વાર્થી, અધમ, શેતાન એવા વિશેષણો જ્યારે સ્ત્રી સમાજ માટે અબળા, બિચારી, સન્નારી, સંસ્કારી, બે કુળ તારનારી, તુલસીનો ક્યારો જેવા વિશેષણો પ્રયોજાયા. વળી ક્યારેક તો સાહિત્યકારોની કલ્પનાશક્તિ એ તો એવો દાટ વાળી દીધો કે કોઈ એક પુરુષપ્રધાન પાત્રએ કથા સાહિત્યમાં કરેલી કોઇ કરતૂત સમગ્ર પુરુષ જાતિ કે તે પાત્રનું નામ ધરાવતા હર કોઇ પુરુષ સાથે કાયમ માટે વળગી ગઇ, જેથી માત્ર જન મનોરંજન ખાતર કરેલ કલ્પનાકથાના કારણે નળ, વિશ્વામિત્ર, ઇન્દ્ર, નહૂષ જેવા ઉમદા પૌરાણિક પાત્રોના નામ પર આજે કોઇ પુરુષનું નામ રાખવું એ એક સાહસ બની રહે છે. તો વળી દુષ્યંત જેવું નામ સાંભળતા વેંત તે શકુંતલાને છળ દઇ ભૂલી ગયો હતો તેવું જ સમાજ અંગૂલી દર્શન કરે છે.
પણ આ રીતે દુષ્યંત, નળ, ગૌતમ ઋષિ, જમદગ્નિ ઋષિ કે પછી રાવણના ચરિત્ર પર ડાઘ લગાડતાં પહેલાં તટસ્ટ રીતે એકવાર તેમના ચરિત્ર વિશે સીધા પ્રશ્ન પૂછવાની જગ્યાએ એ ઉદ્દાત્ત ચરિત્રોના દુર્લભ કર્તવ્યપરાયણતા સુધી પહોંચી શકવાનું સાહસ આપણો આજનો અનુઆધુનિક યુગનો સાહિત્યકાર પણ શું કરી શક્યો છે? શું વર્ષોથી ચાલી આવતી પુરુષની કઠોર છાપ પર આજના અનુઆધુનિક વાર્તાકાર પછી એ લેખક હોય કે લેખિકા હોય નવેસરથી કલમ ઉપાડવાની તસ્દી નથી લેવા જેવી?


© 2024 by Author

એટલે સુધી કે એક સ્ત્રીને પણ એક બાપ,એક ભાઈ, એક પતિ, એક દીકરો એ પુરુષ જ હોય છે, તો શું એક દીકરી તરીકે પિતાને, એક બહેન તરીકે ભાઈને, એક પત્ની તરીકે પતિને, એક માં તરીકે પોતાના પુત્રને પણ શું એક લેખિકા કે લેખક માત્ર ઉપર કહ્યાં તેવા જ વિશેષણોથી અને એવા જ વ્યક્તિત્વથી ઓળખશે અને જો ના તો સમગ્ર પુરુષ જાતિ પ્રત્યે આટલો બધો આક્રોશ શાના માટે?

મૂળ તો વાત એ છે કે આજના સમયે પણ જે વેચાય છે, જેમાં વાહવાહી મળે છે તે જ લખાય છે. કદાચ સમાજને સાચું દર્શન કરાવવાનો સાહિત્યકારનો વણલખ્યો નિયમ કાં તો આજના વાર્તાકારને કાં તો આજના વાચક-ભાવકને પસંદ નથી. નહીં તો ના બને આવું કે પુરુષોની પીડાને દીઠાં ડોરે આજનો સમાજ – આજનો સાહિત્યકાર સાવ કોરે ન મૂકી દે.

ક્યાંક સાસરિયાઓના ત્રાસથી આપઘાત કરી લેતી સમગ્ર નારીજાતિની વેદનાનું પ્રતીક બનતી નાયિકાઓ ઉપર કેટલીય નવલિકાઓ, નવલકથાઓ, નાટકો, ધારાવાહિકો અને અનેક ચલચિત્રો બન્યા અને સમાજમાં વાહવાહી થઈ, લોકોની લાગણી ભીંજાવી ગઈ, તો ક્યાંક બાળવિવાહ તો ક્યાંક સ્ત્રી દેહવ્યાપાર તો ક્યાંક ભ્રૂણહત્યા નિષેધ ઉપર ફિલ્માંકન થયું અને સ્ત્રી જાતિના શોષણ ઉપર સમાજે લાલ આંખ કરી. ચાંદની બાર, પેજ થ્રી, કોર્પોરેટર જેવા ચલચિત્રમાં આધુનિક સ્ત્રીના શોષણની વાત તો કુંતીથી લઈ બાલિકાવધુ જેવી અનેક ધારાવાહિકોમાં સ્ત્રીઓના શોષણથી લઈ સ્ત્રીઓના ઉત્કર્ષ સુધીની વાત સાહિત્યમાંથી રૂપેરી પડદે પહોંચી.

પરંતુ ક્યાંય ઘરમાં અને ઘરની બહાર સતત સંઘર્ષ અનુભવતાં પુરુષની વાત ન તો સાહિત્યમાં ન તો ક્યાંય ચલચિત્ર કે ધારાવાહિકમાં જોવા મળે છે. સરસ્વતીચંદ્ર, બ્રહ્મચારી, મિ. ઈન્ડીયા જેવા કેટલાક ચલચિત્રોમાં ક્યાંક લાગણીશીલ પુરુષની આછેરી ઝલક જોવા મળી પણ એમાંય પુરુષની હિ-મેન છબી જાળવી રાખવામાં એ પુરુષની સંઘર્ષને ગાથા પૂરેપૂરી ન આલેખી શકાઈ કે ન તો એ જમાનામાં કે ન તો આ જમાનામાં કોઇને આ વિષે જાણવામાં, સમજવામાં, અનુભવવામાં કોઈ ને રસ હતો. આજે પણ મિલખાસિંઘ, ધોની, 86 જેવા કેટલાંક ચલચિત્રોમાં કોઈ વ્યક્તિવિશેષ તરીકે પુરુષના સંઘર્ષની વાત ભલે આવતી હોય પરંતુ એક સામાન્ય પરિવારના પુરુષની અને તેના રોજબરોજના જીવનની સંઘર્ષ ગાથા ગાવામાં કોઈએ રસ ન દાખવ્યો.

બાળપણથી જ સંઘર્ષ ભોગવતો હોવા છતાં પણ માત્ર બાળકીઓ સાથે થતાં અન્યાય પ્રત્યે જ ધ્યાન આપવાની રૂઢીને લીધે - ક્યાંક એક કઠણ પુરુષ તૈયાર કરવાની હોડમાં - એક ઊગીને સમા થતા કિશોરની માનસિક્તા પર થતાં આઘાત અને તેની વ્યથા 'સાકરનો શોધનારો' જેવા પાઠમાં ક્યાંક અછળતાં ઉલ્લેખ સાથે જોવા મળે છે ખરાં, પણ વાસ્તવમાં પોતાના અસ્તિત્વને સતત સાબિતી આપતા રહેવાનું વલણ એક છોકરી કરતાં એક છોકરાંએ સૌથી વધુ અપનાવવું પડે છે એ સમાજ ક્યારે સ્વીકારશે?

પરણીને સાસરે ચાલી જનારી બહેન માટે થોડાંક નખરાં કર્યા બાદ પણ પોતાનું બધું આપી દેવાની વૃત્તિ ધરાવતાં ભાઈ અને તેમ છતાં પિતાની સતત બીક સાથે, માતાના હાથની સાવરણી કે વેલણ અને પિતાના ધબ્બા ખાઈને મોટા થતાં કિશોર તરફ આપણો સમાજ 'એવું કાંઇ ન હોય', 'એવું તો ચાલ્યા કરે', 'એવું બધું મનમાં ન લેવાનું હોય', 'લ્યો આવી નાની નાની બાબતે રડવા બેસે તો તને છોકરી કોણ દેશે?' વગેરે જેવી તેની લાગણીઓને દબાવી દેવાની વાત કરે છે. ઘરમાં હોય, શાળામાં હોય કે રમતના મેદાનમાં - સતત મહેનત કરવાની એક મજબૂરી – જે છોકરાંને હોય છે તેનો આછેરો ઉલ્લેખ પણ ક્યાં આપણી ટૂંકીવાર્તામાં આજ સુધી થયેલો જોવા મળે છે?

મૂળ વાત તો એ છે કે આપણાં સાહિત્યમાં ખાસ તો આજની ટૂંકીવાર્તાઓમાં જો આ વાસ્તવને પ્રગટાવવામાં આવે તો આગળ જતાં આવા ઘણાં મુદ્દાઓ સમાજ સમક્ષ પ્રગટ થાય. કાયદા તો ન્યાયલક્ષી હોય એવા મંતવ્ય સાથે જીવતા આપણાં જન સમુદાય પણ છાની રીતે તો જાણે જ છે કે આજનો કાયદો સ્ત્રી તરફ ઝૂકું વલણ ધરાવે છે અને તેને કારણે જ આજે એક પુરુષ પોતાનાં પરિવારથી દૂર વિભક્ત થઈને રહે છે, કે કરમે લખ્યું તે સાચું, ક્યાં કોર્ટના ચક્કરમાં પડવું અને ત્યાં પણ કોણ મારું સાંભળવાનું? એમ વિચારી ક્યાંક પોતાના માં-બાપને શ્રવણની જેમ જાત્રા કરાવવાનું સ્વપ્ન સેવતો પુરુષ માનુનીના પાછળ કાંગારૂની જેમ બાળકને પોતાના કેરી બેગમાં ટીંગાળી બેય હાથમાં શોપિંગ બેગ લઈ મોલના ચક્કર (પરિક્રમા) કરતો જોવા મળે કે તેણીની માટે થિયેટરની ટિકિટની કતારમાં ઊભો રહી ફ્રેંચ ફ્રાઈઝ અને કોકના કોમ્બો પેકના ડિસકાઉન્ટમાં ક્ષણિક ખુશી માણી લેતો હોય એ ક્ષણને આપણો સાહિત્યકાર સાહિત્યમાં ક્યારે ચિતારશે એ જોવાનું રહ્યું.

ક્યારેક આર્થિક મુસીબત, ક્યારેક સામાજિક વિડંબનાઓ, ક્યારેક સતત કામથી શારીરિક અને માનસિક થાક હોવા છતાં હસતાં મોઢે દર રવિવારે ઘરે આરામ કરવાની જગ્યાએ પ્રિયવચનમંદસ્મિતવતી (વ્યાજસ્તુતિ) ની ઈચ્છાઓ, બ્યૂટીપાર્લર, તળાવની પાળીએ આઇસક્રીમ, પાણીપુરી, ચાઇનીઝ, પાઉભાજી, પંજાબી ફરમાઈસ પૂરી કરતો પુરુષ છેવટે તો 'તમે મારા માટે આજ સુધી કર્યું છે શું?', 'આ તો હું હતી


© 2024 by Author

કે તમારા સાથે લગ્ન કર્યા, નહીતર મારા માટે કેવા કેવા ઘરના માંગા આવતા હતા.', 'કોણ જાણે મારા ફૂટલાં કરમ કે કાગડો દહીંથરું લઈ ગયો', જેવા મેણાં ખાતો – ખમતો, ચહેરો હસતો રાખતો પુરુષ આ વ્યથા પોતાના મોઢે કોને કહેવાનો?

ટૂંકમાં, સાહિત્ય અને ખાસ તો ટૂંકીવાર્તામાં આ વાતનો ઉલ્લેખ માત્ર ન જોવા મળે એ કેટલી મર્યાદિત દૃષ્ટિકોણની દ્યોતક ગણાય? આજના અનુઆધુનિક સાહિત્યકારની નજર, એનો દૃષ્ટિકોણ ક્યાંક જો આવા પુરુષની વ્યથાને 'નરવાદી ચેતના' એવું કટાક્ષમય નામ આપી હસી કાઢવાની જગ્યાએ એના પ્રશ્નોને, એના જીવનને જો સાહિત્યમાં કેન્દ્રમાં લાવશે તો ક્યાંક ને ક્યાંક સમાજનું ધ્યાન ખેંચશે, અને ક્યાંક જીવતે જીવ અધમૂવા થયેલ પુરુષને આપઘાત કે અન્ય કોઈ અનઅપેક્ષિત – અઘટિત પગલું ભરતાં અટકાવી શકાશે.

## ઉપસંહાર

સાંપ્રત સમયના અનુઆધુનિક સાહિત્યકાર – ટૂંકીવાર્તાકાર જો પુરુષોના આ જીવન સંઘર્ષને અને તદ્ઉપરાંત ટૂંકીવાર્તાઓમાં તે સંઘર્ષ નિવારવાના ઉપાયોનો સમાજને સૂચક નિર્દેશ આપી રહેશે તો પણ તે સમજને એખૂબ જ પ્રભાવક રીતે ઉપયોગી થઈ રહેશે તેવી ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર ગુજરાતી વિભાગ, ફેકલ્ટી ઓફ આર્ટસ, હ્યુમીનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સના સંયુક્ત ઉપક્રમે આયોજિત એક દિવસીય રાજ્યકક્ષા પરિસંવાદના ભાગરૂપે આ રીસર્ચ પેપરના શોધકર્તાને આશા છે, ઉપરાંત આ શોધપત્રના વિચારો શોધકર્તાના પોતાના દૃષ્ટિકોણ, અવલોકન અને સમજ આધારિત છે, જેમાં કોઈ ચોક્કસ સમુદાય કે વર્ગ કે જાતિ પ્રત્યે વિરોધ નહીં, પરંતુ એક સમૂહની વ્યથાને ચોકકસથી પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન છે, વિદ્વાન મહાનુભાવોના સલાહ-સૂચન શોધકર્તાને આવકાર્ય રહેશે અને તે માટે હંમેશા ઋણી રહેશે.

## સંદર્ભ સૂચિ

અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો - ધીરુભાઈ ઠાકર
સાહિત્યમાં આધુનિકતા - સુમન શાહ
વાર્તા વિચાર - રાધેશ્યામ શર્મા
સાહિત્ય સંકેત - રાધેશ્યામ શર્મા
સાહિત્ય : પ્રતિભા અને પ્રતિભાવ - ચંદ્રકાંત શેઠ
સાહિત્ય: તેજ અને તાસીર - ચંદ્રકાંત શેઠ
ભારતીય ટૂંકી વાર્તા - ભોળાભાઈ પટેલ
સાહિત્યિક પરંપરાનો વિસ્તાર - ભોળાભાઈ પટેલ
વાર્તા વિશેષ - રઘુવીર ચૌધરી
દર્શકના દેશમાં - રઘુવીર ચૌધરી
ટ્રેજેડી : જીવનમાં અને સાહિત્યમાં - ચી. ના. પટેલ
સાહિત્ય લેખ - જશવંત શેખડીવાળા
ફેરવિચારણા - જશવંત શેખડીવાળા
કથાયન - બાબુ દાવલપુરા
કથાસાંપ્રત - બાબુ દાવલપુરા
કથાપર્વ૧-૨ - બાબુ દાવલપુરા
સાહિત્ય ગોષ્ઠી - ઈશ્વરલાલ દવે


© 2024 by Author